ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



### કોલીયાથોર ગામના ખેતરમાંથી 156 કિલો લીલો ગાંજો ઝડપતી SOG પોલીસ

## છોટાઉદેપુર કોલીયાથોર ગામમાંથી 78 લાખનો લીલો ગાંજો ઝડપાયો

**છોટાઉદેપુરના** કોલીયાથોરમાંથી 507 નંગ ગાંજાના છોડ સાથે એક શખ્સ જેલભેગો



(પ્રતિનિધિ) બોડેલી, તા.27

બિન અધિકૃત વનસ્પતિ જન્ય લીલા ગાંજાના છોડ નંગ-૫૦૭, વજન ૧૫૬.૩ કિલોગ્રામ,કુલ કિ.રૂ. ૭૮,૧૫,૦૦૦/-નો જથ્થો ઝડપી પાડતુ છોટાઉદેપુર સ્પેશીયલ ઓપરેશન ગ્રુપ એમ.એચ.જાદવ પોલીસ સબ ઈન્સપેક્ટર, એસ.ઓ.જી. છોટાઉદેપુર નાઓને મળેલ બાતમી આધારે કોલીયાથોર ગામે રહેતા ઉદલીયાભાઈ ભુચરાભાઇ રાઠવાનાઓના કબ્જા ભોગવટાના ખેતરમા એસ.ઓ.જી.ટીમ દ્વારા રેઈડ કરતા આરોપીના કબ્જા ભોગવટાના ખેતરમાં બિન અધિકૃત વનસ્પતિ જન્ય માદક પદાર્થ લીલા ગાંજાના છોડ નંગ-૫૦૭ જેનુ કુલ વજન ૧૫૬.૩ કિલો ગ્રામ જેની કુલ કિંમત રૂપીયા ૭૮,૧૫,૦૦૦/- નો મુદામાલ સાથે મળી આવતા તેઓના વિરૂધ્ધ ધી નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ મુજબ ગુન્હો રજીસ્ટર કરાવી આગળની વધુ કાર્યવાહી માટે રંગપુર પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.

## કરનાળી સાંઇ ભોજનાલય સંચાલકો સાથે મારામારી કરનારાઓને વડોદરા મધ્યસ્થ જેલમાં ખસેડાયા

**કરનાળી** પંથકમાં સોપો: કડક પગલાં માટે જિલ્લા પોલીસ વડા (SP) પર ગ્રામજનોની મીટ






(પ્રતિનિધિ) ડભોઇ, તા.27

કરનાળી ત્રીવેણી સંગમ ખાતે સાંઈ ભોજનાલય ના સંચાલક નયનાબેન સાથે ઝઘડો કરી નયનાબેન ના પતિ ને ઘેર ખબર પડેલ તેઓ સ્થળ પર દોડી આવેલ જ્યાં પહેલેથી મારામારી માટે તૈયાર ચાર ઈસમો સુરેશ રણછોડ તડવી, ભરત ઉર્ફે ભૂપિન ગોપાલ તડવી, બુધાભાઈ ભિખાભાઈ તડવી અને નગીનભાઈ ભિખાભાઈ તડવી નાઓએ નયનાબેન ને ડાબા હાથે કોણી ના ભાગે અને છોડાવવા પડેલ સુરેશ સુખાભાઈ તડવી ત્રણ ઈસમો પકડી રાખી ને જમણી બાજુ અને માથા ના ભાગે માર મારેલ જેમને છોડાવવા જતાં પુત્ર રસિક ભાઈ છોડાવવા પડેલ તેને પણ જમણા ગાલ પર તથા ડાબા હાથ પર ઈજાઓ પહોંચી હતી અને જતાં જતાં મારી નાંખવા ની ધમકી આપી હતી જેમાં પોલીસે ૧૧૫(૨) ,૧૧૮(૨) ૩૫૨ ૩૫૧(૨) ૫૪ તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે જામીન ના મંજૂર થતાં અદાલતે વડોદરા ની મધ્યસ્થ જેલ માં મોકલી આપવો નો હુકમ ને પગલે નાનકડા કરનાળી માં સોપો પડી ગયો છે અત્રેઉલ્લેખનીય છે કે આ કામનો ભરત ઉર્ફે ભૂપિન ગોપાલ તડવી એ ભાજપ અનુસુચિત મોરચા મા મંત્રી તરીકે હોદ્દો ધરાવે છે અને કરનાળી માં ભારતીય બનાવટ ના અંગ્રેજી શરાબ નો બુટલેગર હોવાની ચર્ચા આખાય પંથકમાં ચર્ચાઈ રહી છે આ માથા ભારે ઈસમો વડોદરા ની મધ્યસ્થ જેલ માં જતાં ગ્રામજનો એ હાશકારો લીધો છે હવે આગળ પોલીસ શુ કાર્યવાહી કરે છે એ જોવુ રહ્યું ! જિલ્લા પોલીસ વડા આ કેસ માં અંગત રસ લે એમ ગ્રામજનો માં ચર્ચાઈ રહ્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ધીરજ હોસ્પિટલના માર્ગદર્શન હેઠળ વિશ્વ ઈમરજન્સી દિવસની ઉજવણી



**શિનોર :** વિશ્વ ઇમર્જન્સી દિવસ નિમિત્તે આજ રોજ શિનોર પટેલ વાડી ખાતે ધીરજ હોસ્પિટલ ના માર્ગદર્શન હેઠળ સીપીઆર (CPR) અંગે જનજાગૃતિ અને તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ધીરજ હોસ્પિટલના નિષ્ણાંત ડોક્ટર શ્રી ઓ દ્વારા ઉપસ્થિત નાગરિકોને હાર્ટ એટેક અથવા અચાનક બેભાન થયેલ વ્યક્તિને પ્રાથમિક સારવારરૂપે કેવી રીતે સી.પી.આર આપવું તેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં નિષ્ણાતો દ્વારા સીપીઆર કરવાની યોગ્ય પદ્ધતિનું પ્રેક્ટિકલ ડેમો પણ આપવામાં આવ્યું હતું, જેથી સામાન્ય નાગરિકો પણ ઇમર્જન્સી સમયે માનવ જીવન બચાવવામાં મદદરૂપ બની શકે. ઉપસ્થિત શિનોર ગામના આગેવાન સચિન પટેલ દ્વારા આ કાર્યક્રમને ખૂબ જ ઉપયોગી ગણાવ્યો અને આવી તાલીમ સમયાંતરે યોજાય તેવી માંગ વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં ઇમર્જન્સી સમયે તાત્કાલિક સારવાર અંગે જાગૃતિ લાવવાનો અને "જીવન બચાવવું એ સર્વોત્તમ સેવા" નો સંદેશ પહોંચાડવાનો હતો.

### છોટાઉદેપુર ગાયત્રી શક્તિપીઠ ખાતે 38મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો



**છોટાઉદેપુર :** ધાર્મિક ઉત્સવથી સમગ્ર નગર ભક્તિમય બન્યું પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ, ભજન સંધ્યા અને મહાપ્રસાદી સહિતના વિવિધ ધાર્મિક કાર્યોનું ભવ્ય આયોજન: મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ દર્શન અને આહુતિનો લાભ લઈ ધન્યતા અનુભવી. છોટાઉદેપુર નગરમાં આસ્થાના કેન્દ્ર સમાન ગાયત્રી શક્તિપીઠ ખાતે મંદિરના ૩૮મા પાટોત્સવની ભવ્ય અને હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ મંગલ પ્રસંગે શક્તિપીઠ પરિસરમાં વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરાયું હતું, જેમાં સમગ્ર જિલ્લામાંથી ગાયત્રી પરિવારના ભક્તો અને સ્થાનિક નગરજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. પાટોત્સવના પાવન અવસરે સવારે પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અને મંત્રોચ્ચાર સાથે શરૂ થયેલા આ મહાયજ્ઞમાં મોટી સંખ્યામાં યજમાનો અને શ્રદ્ધાળુઓએ જોડાઈને આહુતિ આપી હતી. યજ્ઞના પવિત્ર ધુમાડા અને મંત્રોના નાદથી સમગ્ર વાતાવરણ દિવ્ય અને પવિત્ર બની ગયું હતું.

### જબુગામે ખાતે વિશ્વ ઇમર્જન્સી દિવસ નિમિત્તે સીપીઆર ટ્રેનિંગ કાર્યક્રમ યોજાયો



**બોડેલી :** ધીરજ હોસ્પિટલ દ્વારા વડોદરા તેમજ છોટાઉદેપુર જિલ્લાના વિવિધ પી.એચ.સી. અને સી.એચ.સી. સેન્ટરો પર બેઝિક લાઈફ સપોર્ટ (BLS) એટલે કે સીપીઆર ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. આ કાર્યક્રમ દરમિયાન હાજર ડોક્ટરો અને તજજ્ઞોની ટીમ દ્વારા લોકોને બેઝિક લાઈફ સપોર્ટ કેવી રીતે આપવું તેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી.સાથે સાથે પ્રેક્ટિકલ ડેમો દ્વારા સીપીઆર કરવાની યોગ્ય પદ્ધતિ પણ શીખવવામાં આવી હતી. ધીરજ હોસ્પિટલ દ્વારા આ અભિયાન માટે કુલ 13 ટીમો બનાવવામાં આવી છે, જે અલગ અલગ વિસ્તારોમાં જઈ લોકોને ઇમર્જન્સી સમયે જીવન બચાવતી પ્રાથમિક સારવાર અંગે માર્ગદર્શન આપી રહી છે. ટ્રેનિંગ દરમિયાન સમજાવવામાં આવ્યું હતું કે જો કોઈ વ્યક્તિ અચાનક બેભાન થઈ જાય અથવા શ્વાસ લેવામાં તકલીફ થાય, ત્યારે 108 એમ્બ્યુલન્સ પહોંચે તે પહેલા યોગ્ય રીતે બેઝિક લાઈફ સપોર્ટ આપવામાં આવે તો દર્દીનો જીવ બચાવી શકાય છે. કાર્યક્રમમાં આરોગ્ય કર્મચારીઓ તેમજ સ્થાનિક લોકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

### કવાંટ તાલુકાના મંદવાડા અને નસવાડી તાલુકાના સેંગપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને એમ્બ્યુલન્સ સુપ્રત



**ક્વાંટ :** છોટાઉદેપુર જિલ્લાના અંતરિયાળ અને અતિ દુર્ગમ વિસ્તારના નાગરિકોને સમયસર અને ઝડપી આરોગ્ય સેવાઓ મળી રહે માટે વડોદરા ગેસ લિમિટેડ દ્વારા સીએસઆર (CSR) પ્રવૃત્તિ અંતર્ગત છોટાઉદેપુર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાને બે નવીન એમ્બ્યુલન્સ આપવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારી અને ઇ.કલેક્ટર સચિન કુમાર સહિત મહાનુભાવોના હસ્તે લીલી ઝંડી આપીને એમ્બ્યુલન્સને પ્રસ્થાન કરાવવામાં આવી હતી. છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, મંદવાડા અને નસવાડી તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,સેંગપુરને ભૌગોલિક પડકારો અને પહાડી તેમજ અંતરિયાળ રસ્તાઓને ધ્યાનમાં રાખીને આ વખતે ખાસ 4x4 (ફોર બાય ફોર) ક્ષમતા ધરાવતી એમ્બ્યુલન્સ આપવામાં આવી છે, જે ખરાબ કે અતિ દુર્ગમ રસ્તાઓ પર પણ સરળતાથી દોડી શકશે. જેથી આસપાસના ગામના ગ્રામ્યજનોને આરોગ્યની સેવામાં એમ્બ્યુલન્સની સુવિધા મળી શકશે.

### કાળઝાળ ગરમીમાં મૂંગા પશુઓ પાણી માટે તરસ્યા

## ચેથાપુરના જંગલ વિસ્તારમાં વન્યજીવોને પાણી પીવા માટે બનાવેલો હવાડો ખાલીખમ



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.27

છોટાઉદેપુર જિલ્લાના કદવાલ તાલુકામાં આવેલા ચેથાપુર ના જંગલ વિસ્તારમાંથી અબોલ વન્યજીવોની ગંભીર પરિસ્થિતિ સામે આવી છે. કાળઝાળ ઉનાળાની આકરી ગરમીમાં વન્યપ્રાણીઓ પોતાની તરસ છિપાવી શકે તે માટે બનાવવામાં આવેલો મોટો ગોળાકાર કોંક્રિટનો પાણીનો હવાડો લાંબા સમયથી તદ્દન ખાલીખમ અને સૂકોભઠ્ઠ પડ્યો છે. અત્યારના સમયમાં આખું વિશ્વ ગ્લોબલ વોર્મિંગની સામે ઝુમી રહ્યું છે. ત્યારે આવા સમયે વન્ય પ્રાણીઓના સ્વાસ્થ્ય પર માઠી અસર પહોંચે છે. પાણી વિનાના ખાલીખમ હવાડાના દ્રશ્યો વન વિભાગની ઘોર બેદરકારી છતી કરે છે. સૂકું ઘાસ અને વાંસના ઝુંડ ધરાવતા આ ડુંગરાળ અને પથરાળ જંગલ વિસ્તારમાં રીંછ, દીપડા, રોઝ અને અન્ય નાના-મોટા જંગલી પ્રાણીઓ વસવાટ કરે છે. આ હવાડામાં પાણી ન હોવાને કારણે મૂંગા પ્રાણીઓ પાણીના એક-એક ટીપાં માટે વલખાં મારી રહ્યા છે. સ્થાનિક પર્યાવરણ પ્રેમીઓના જણાવ્યા અનુસાર, જો વન વિભાગ દ્વારા આ હવાડામાં યુદ્ધના ધોરણે ટેન્કર અથવા સ્થાનિક સ્ત્રોત દ્વારા પાણી ભરવામાં નહીં આવે, તો તરસ્યા વન્યજીવો પાણીની શોધમાં જંગલ છોડીને નજીકના ચેથાપુર અને અન્ય ગ્રામ્ય રહેણાંક વિસ્તારો તરફ ધસી આવશે. જેના કારણે માનવ-વન્યજીવ સંઘર્ષ થવાની અને પ્રાણીઓ અકસ્માત કે શિકારનો ભોગ બને તેવી પૂરેપૂરી ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક ગ્રામજનો અને વન્યજીવ પ્રેમીઓ વતી છોટાઉદેપુર વન વિભાગના ઉચ્ચ અધિકારીઓને નમ્ર અપીલ છે કે આ બાબતને અત્યંત ગંભીરતાથી લઈ, ચોવીસ કલાકની અંદર આ હવાડામાં પાણી ભરવાની ચોક્કસ વ્યવસ્થા કરવામાં આવે જેથી અબોલ જીવોને બચાવી શકાય.

## નસવાડી અન્ન અને પુરવઠા વિભાગ દ્વારા મકાઈની ટેકાના ભાવે ખરીદી બંધ

**બારદાન** ખૂટી પડ્યાનું બહાનું: ખરીદી પ્રક્રિયા ઠપ્પ થતાં ગોડાઉન પર તાળાં વગડાયા

(પ્રતિનિધિ) નસવાડી, તા.27

નસવાડી તાલુકામાં સરકાર દ્વારા ટેકાના ભાવે મકાઈ ખરીદી શરૂ કરવામાં આવી હતી, પરંતુ હવે બારધાન ખલાસ થઈ ગયું હોવાનું બહાનું કાઢીને ટેકા ના ભાવ થી મકાઈ ની ખરીદી પ્રક્રિયા અટકાવી દેવામાં આવતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ખેડૂતો મકાઈ વેચવા માટે જાય છે ગોડાઉન પર તાળા મારી દેવામાં આવતા ખેડૂતોના ધીરજનો પણ હવે અંત આવ્યો છે.

ખેડૂતોનો આક્ષેપ છે કે અત્યાર સુધીમાં માત્ર 9 ખેડૂતોની જ મકાઈ ટેકા ના ભાવ થી ખરીદવામાં આવી છે, જ્યારે 90 જેટલા ખેડૂતો એ રજિસ્ટ્રેશન હતું. જ્યારે દસ ટકા જેટલા ખેડૂતોની પણ મકાઈ ની ખરીદી હજુ સુધી પૂર્ણ થઈ નથી. જ્યારે રોજ માત્ર બે જ ખેડૂતોની મકાઈ ટેકા ના ભાવ થી ખરીદવામાં આવે છે, તો બાકીના ખેડૂતોનો વારો આવતા 40 દિવસથી વધુ સમય વીતી જશે શકે છે.

જ્યારે એક બાજુ ચોમાસાની ખેતીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ખેતરમાં વાવણી માટે બીજ, ખાતર અને દવાઓ ખરીદવાની જરૂર છે. બીજી તરફ બાળકોના નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થવા જઈ રહી છે અને ફી ભરવાની ચિંતા ખેડૂતોને સતાવી રહી છે. આવા સમય માં ખેડૂતોને પોતાના પાકના પૈસા સમયસર મળે એ ખૂબ જરૂરી છે.

### ત્રણ વર્ષ અગાઉ ચોરી થયેલી વેગનઆર કાર સાથે એક ઈસમ ઝડપાયો

પાદરા : વડુ પોલીસએ મિલકત સંબંધી માંજલપુર પોલીસ સ્ટેશનનો ચોરીનો ગુનો ડિટેક્ટ કરી રૂ.૧.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો. વડોદરા ગ્રામ્ય જિલ્લામાં મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા તેમજ અગાઉ બનેલા અનડિટેક્ટ ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસ તંત્ર દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

વડુ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી. ગઢવીએ સ્ટાફને સરપ્રાઈઝ વાહન ચેકિંગ તેમજ મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢવા માટે માર્ગદર્શન આપ્યું હતું. દરમિયાન વડુ પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે સુનિલભાઈ જેસિંગભાઈ તથા યોગેશભાઈ કિરીટભાઈને બાતમી મળી હતી કે પીળી ટી-શર્ટ પહેરેલો એક ઈસમ સફેદ રંગની મારુતિ સુઝુકી વેગનઆર કાર વેચવા માટે ફરી રહ્યો છે અને માસર રોડ તરફ જઈ રહ્યો છે.

### પાદરાના મહુવડ ગામે ઝેરી દવા પી જતા 45 વર્ષીય વ્યક્તિનું મોત

પાદરા : પાદરા તાલુકાના મહુવડ ગામે ઝેરી દવા પી લેતા એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે. આ અંગે વડુ પોલીસ સ્ટેશન ખાતે અકસ્માત મોતનો ગુનો નોંધાઈ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર મહુવડ ગામના ધોબીકુવા, ટીંબીપુરા સ્કૂલ પાસે રહેતા સુરસીંગ ગેમલસિંગ પઢીયાર (ઉ.વ.45) એ ગતરોજ કોઈ કારણોસર ઝેરી દવા પી લીધી હતી. બનાવ બાદ તેમને તાત્કાલિક પ્રાથમિક સારવાર માટે CHC પાદરા ખાતે ખસેડવામાં આવ્યા હતા.ત્યારબાદ વધુ સારવાર અર્થે તેમને વડોદરા શહેરની SSG હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન NICU યુનિટમાં ફરજ પરના ડૉક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા.

## તેજગઢ-અછાલા રોડ પર રેતીના થર જામતા અકસ્માતની ભીતિ

**છોટાઉદેપુરમાં** રાત-દિવસ રેતીનું બેરોકટોક ખનન, જનતામાં ભારે આક્રોશ



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.27

છોટાઉદેપુર જિલ્લામાં સફેદ રેતીનો કાળો કારોબાર કોઈ પણ જાતના ડર વગર બેરોકટોક ચાલી રહ્યો છે. રાત-દિવસ દોડતા રેતીના ડમ્પરો અને ટ્રેક્ટરોને કારણે સ્થાનિક પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે વહીવટીતંત્ર મૂકપ્રેક્ષક બનીને બેઠું હોય તેવો ઘાટ સર્જાયો છે, જેના લીધે લોકોમાં તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે.

નિયમ મુજબ રેતી વહન કરતા તમામ વાહનો પર તાડપત્રી ઢાંકવી ફરજિયાત છે. તેમ છતાં, છોટાઉદેપુરમાં એક પણ વાહન પર તાડપત્રી જોવા મળતી નથી. ખુલ્લા ડમ્પરોમાંથી સતત રેતી હવામાં ઊડે છે અને રોડ પર પડે છે. તેજગઢથી અછાલા રોડ ઉપર રેતીના મોટા-મોટા થર જામી ગયા છે. આ લપસણી રેતીના કારણે ટુ-વ્હીલર ચાલકો રોજ સ્લિપ થઈ રહ્યા છે. સ્થાનિકો સવાલ પૂછી રહ્યા છે કે, "તાડપત્રી વગર ચાલતા આ મોતના સોદાગરો હજુ કેટલા નિર્દોષ લોકોનો જીવ લેશે?" તંત્ર આ નિયમોની અમલવારી કરાવવામાં સદંતર નિષ્ફળ નીવડ્યું છે. આની નદીમાં ચોવીસ કલાક અવિરતપણે રેતી ઉલેચવામાં આવી રહી છે. નદીના કિનારે ખડકાયેલા રેતીના મોટા-મોટા ઢગલાઓ જ બેફામ અને ગેરકાયદેસર ખનનની ચાડી ખાઈ રહ્યા છે.

### ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે સેવા સદનમાં પાણીની અછત

## સાવલી સેવા સદનમાં પીવાના પાણીની અછત મુદ્દે પ્રાંત અધિકારીને આવેદનપત્ર



(પ્રતિનિધિ) સાવલી, તા.27

સાવલી તાલુકા સેવા સદન ખાતે વર્ષો જૂની લોકસમસ્યા પીવાના પાણીની અછત ના કારણે તાલુકાજનો ને પડતી હાલાકી મુદ્દે તાલુકા પંચાયત ના સદસ્ય જયેશ બાકરોલા એ પ્રાંત અધિકારી ને આવેદન પત્ર પાઠવીને વ્યવસ્થા કરવાની માંગ કરી છે.

તાલુકા સેવા સદન ખાતે રોજના હઝારો અરજદારો પોતાના અવરજવર કરતા હોય છે અને રોજ હજારો નાગરિકોની અવરજવરમાં પ્રાથમિક સુવિધાના અભાવનો મુદ્દો ભારે ચર્ચાસ્પદ બન્યો છે આ અરજદારોને ઠંડા અને શુદ્ધ પાણીની પૂરતી સુવિધા ન હોવાના કારણે ખાનગી પાણી ની બોટલ વેચનાર દુકાનદારોને તડાકો પડી ગયો છે અને તાલુકાજનો પૈસા ખર્ચીને પાણી પીવા મજબૂર થયા છે ત્યારે તાલુકા પંચાયતના સદસ્ય અને એડવોકેટ જયેશ બાકરોલા એ લેખિતમાં પ્રાંત અધિકારી અને મામલતદાર ને રજૂઆત કરી છે અને તેઓએ કરેલી રજૂઆત મુજબ ધોરણ 10-12ના પરિણામ બાદ દાખલાઓ માટે વિદ્યાર્થીઓની ભીડ વધ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સવારે 10 થી સાંજે 6 વાગ્યા સુધી પાણીની વ્યવસ્થા કરવાની માંગ કરી છે રજુઆતની નકલ વડોદરા કલેક્ટરને પણ મોકલવામા આવી છે ઉનાળાની ગરમીમાં નાગરિકોને હાલાકી ન પડે તે માટે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે સેવા સદનનું નિર્માણ થયું ત્યારથી પીવાના પાણીની સમસ્યા છે અને માત્ર પાણીના જગ મુકીને તંત્ર સંતોષ માની રહ્યા છે.

### આરોગ્ય વિભાગની લોકોને અફવાઓથી દૂર રહેવા અપીલ

## સાવલીમાં ઈબોલા વાયરસની સંભાવનાને પગલે તંત્ર એલર્ટ

**જન્મોત્રી** હોસ્પિટલમાં આઇસોલેશન સેન્ટર તૈયાર: દર્દીઓની તપાસ માટે ખાસ ટીમો તૈનાત કરાઈ



(પ્રતિનિધિ) સાવલી, તા.26

સાવલી જન્મોત્રી હોસ્પિટલ ખાતે ઈબોલા વાયરસની સંભાવનાને પગલે હોસ્પિટલનું તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે અને હોસ્પિટલમાં ખાસ આઈશોલેશન સેન્ટર ઉભૂ કરવામાં આવ્યું છે.

સાવલી તાલુકામાં બહારથી આવતા દર્દીઓ માટે જન્મોત્રી હોસ્પિટલમાં ખાસ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે આ આઈસોલેશન સેન્ટર સહિત જરૂરી આરોગ્ય સુવિધાઓ તૈયાર રાખવામાં આવી છે અને હોસ્પિટલ સ્ટાફને તકેદારી અને માર્ગદર્શિકા અંગે સૂચનાઓ અપાઈ છે. દર્દીઓની સ્ક્રિનિંગ અને આરોગ્ય ચકાસણી માટે ખાસ ટીમ તૈનાત કરવામાં આવી છે.

વિદેશથી આવતા પ્રવાસીઓ દ્વારા તાલુકામાં સંક્રમણ ફેલાય નહીં તે માટે સાવચેતીના પગલાં વધુ કડક લેવામાં અને જરૂરી તકેદારી રાખવામાં આવી છે અને સમગ્ર તાલુકાનું આરોગ્યતંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. અને જનમોત્રી હોસ્પિટલમાં દવાઓ, માસ્ક અને સુરક્ષા સાધનોનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરવામાં આવ્યો છે. સાથે સાથે આરોગ્ય વિભાગ દ્વારા લોકોને અફવાઓથી દૂર રહેવા અને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. અને સાવલી નગર સહિત તાલુકાના વિસ્તારમાં આરોગ્ય તંત્ર સતત સ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

### વોર્ડ નં 5 માં રોગચાળાની ફરિયાદને લઈ પાણીની સઘન તપાસ કરાઈ

ડભોઈ : ડભોઈ નગરમાં કેટલાક વિસ્તારો જે નગરપાલિકા ના વોર્ડ નં ૫ માં આવે છે અને આ વોર્ડ રાજકીય રીતે આગવું મહત્વ ધરાવે છે આ વોર્ડના લીમડી મસ્જિદ જેવા વિસ્તારમાં કેટલાક ઈસમો બિમારીની ઝપેટમાં આવ્યા છે જેની ગંભીરતા પારખી નગરસેવીકા શિતલપટેલ નગરપાલિકાના કર્મચારીઓ સાથે વોર્ડમાં પહોંચી પાણીનુ ટેસ્ટિંગ કરેલ જેમાં રેસિડયુઅલ ક્લોરીનનુ પ્રમાણ નિયત ધોરણ માં જોવા મળ્યું સામાન્ય રીતે પીવાના પાણી માં ૨.૦ થી ૦.૫ mg/l રેસિડયુઅલ ક્લોરીન યોગ્ય અને સુરક્ષિત માનવામાં આવે છે. ડભોઈ નગરપાલિકા ની તપાસ મુજબ હાલ વિસ્તારમાં પુરવઠો કરવામાં આવતું પાણી પીવા લાયક અને સુરક્ષિત હોવાનું સામે આવ્યું છે.

### નિર્દોસ વ્યક્તિને કચડી નાખતા લોકોમાં ભારે રોષ

## બોડેલી મોડાસર ચોકડી પાસે હિટ એન્ડ રનની ઘટના

(પ્રતિનિધિ) બોડેલી, તા.27

છોટાઉદેપુર જિલ્લા ના બોડેલી નસવાડી હાઈવે પર મોડાસર ચોકડી પાસે સવારે 6 વાગ્યા ની આસપાસ રેતી ભરવા જવાની હાઈમાં નિર્દોષ વ્યક્તિ ને કચડી નાખતા હાઈવા અને મોટર સાયકલ વચ્ચે હિટ એન્ડ રનની ઘટના બનતા મોટર સાયકલ નો કચ્ચરઘાણ નીકળી ગયા ના દ્રશ્યો સામે આવતા હચ મચાવી નાખે તેવા દ્રશ્યો સર્જાતા સ્થાનિક લોકોમાં ભારેરોષ ભભૂકી ઉઠ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના વાલપરી ગામના રાઠવા શૈલેષભાઈ ઉં.વ 42 અને પુત્ર હેત કુમાર શૈલેષભાઈ પોતાના કામ અર્થે વાપી વલસાડ ગયા હતા તે પોતાનું કામ પતાવીને અડધી રાત્રે બોડેલી સગા સંબંધીને ત્યાં રાત્રી રોકાણ કરી વહેલી સવારે છ વાગ્યાની અરસામાં વાલપરી પોતાના ઘરે જવા મોટરસાયકલ ઉપર રવાના થયા હતા ત્યારે મોડાસર ચોકડી નજીક નસવાડી તરફથી આવી રહેલા પૂરપાટ સ્પીડમાં રેતી ભરવાની લાઈમાં ગફલત રીતે હંકારી રોંગ સાઈડ આવી મોટર સાયકલ પર સવાર પિતા પુત્રને અડફેટે લેતા હાઈવા ચાલકે મોટરસાયકલને દોઢસો મીટર સુધી ઘસેડી ને લઈ જતા પુત્રની સામે પિતા નું કમ કમાટી ભર્યું મોત નિપજ્યું હતું જ્યારે પુત્ર હેત ને ગંભીર જાઓ પહોંચતા જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હોય તેવા વહેલી પરોઢે બનતા પરિવારજનોમાં આક્રંદ જોવા મળ્યો હતો ત્યારે હિટ એન્ડ રનની ઘટના બનતા બોડેલી પોલીસે મૃતદેહ નો કબજો લઈ સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે.